
# કોંગ્રેસને ટેકો આપવાની શાહી ઈમામની જાહેરાત

નવી દિલ્હી,તા. ૪

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીની મહેનત રંગ લાવી રહી છે. સોનિયા ગાંધીના કહેવા પર જામા મસ્જિદના શાહી ઈમામ અહેમદ બુખારીએ લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસના સમર્થનની અપીલ કરી છે. બુખારીએ આરજેડી, ટીએમસી અને કોંગ્રેસને મત આપવા લોકોને અપીલ કરી છે.બુખારીએ બંગાળમાં તૃણમુલ કોંગ્રેસને મત આપવા સૂચન કર્યું છે. બુખારીએ પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે, કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી સાથે રમખાણોને લઈને શિક્ષણ સુધીના ઘણા મુદ્દાઓ ઉપર ચર્ચા થઈ છે. આવી સ્થિતિમાં તેઓ લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસના સમર્થનની જાહેરાત કરે છે. બુખારીએ અરવિંદ કેજરીવાલને પણ ફગાવી દીધા છે અને કહ્યું છે કે, કેજરીવાલ માત્ર ભ્રષ્ટાચાર પર વાત કરે છે. અન્ય ઘણા મુદ્દા દેશમાં રહેલા છે. ભ્રષ્ટાચારથી દેશ તુટી શકે નહીં પરંતુ સાંપ્રદાયિકવાદ ખુબ ખતરનાક છે. ભ્રષ્ટાચાર દેશમાં ૧૦૦ વર્ષ પણ ખતમ થશે નહીં. મોદીના પ્રશ્ન ઉપર બુખારીએ કહ્યું હતું કે, તેઓ આ દેશના કરોડો સેક્યુલર આવામને અપીલ કરે છે કે તેઓ આજે દેશની પ્રગતિ માટે પરિસ્થિતિ મુજબ મત આપે. સાથે સાથે બુખારીએ પશ્ચિમ બંગાળમાં ટીએમસી અને બિહારમાં આરજેડીને મત આપવાની અપીલ કરી છે. તેમણે કહ્યું છે કે, તૃણમુલ કોંગ્રેસ મુસ્લિમો માટે કેટલું કામ કર્યુ છે. એવું લાગે છે કે, મમતા બેનરજી મુસ્લિમો માટે સમસ્યાના ઉકેલવા કામ કરતા રહેશે. મમતા બેનરજીની તેઓએ પ્રશંસા કરી હતી.

બુખારીએ કહ્યું હતું કે, આરજેડી બિહારમાં કોંગ્રેસની સાથે મળીને ચૂંટણી લડવા માંગે છે જેથી તેને સાથ આપવામાં આવે તે જરૂરી છે. કરોડો હિન્દુસ્તાની લોકોની ઈચ્છા છે કે, જ્યાં કોઈપણ ગુનાને જગ્યા ન મળે. અહેમદ બુખારીએ કહ્યું છે કે, સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટીને ટેકો આપવામાં આવશે નહીં. બંને માટે જુદા જુદા કારણો આપવામાં આવ્યા છે. તેમણે કહ્યું છે કે, સમાજવાદી પાર્ટી મુસ્લિમોને તેમના અધિકાર આપવામાં નિષ્ફળ રહી છે. સાથે સાથે તેમના રક્ષણમાં પણ નિષ્ફળ રહી છે. બહુજન સમાજ પાર્ટી સત્તા સુખ મેળવવા માટે કોઈને પણ સાથ આપી શકે છે જેથી તેમને ટેકો આપવો જોઈએ નહીં.



# અરવિંદ કેજરીવાલને તમાચો મારી દેવાનો પ્રયાસ



નવીદિલ્હી,તા.૪

આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ઉપર ચૂંટણી પ્રચાર દરમિયાન આજે દિલ્હીમાં એક શખ્સે પાછળથી હુમલો કરી દીધો હતો. અરવિંદ કેજરીવાલની પીઠમાં પ્રહાર કરવામાં આવ્યો હતો અને તેમને તમાચો મારી દેવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો. અરવિંદ કેજરીવાલ દિલ્હીના દક્ષિણપુરી વિસ્તારમાં એએપીના ઉમેદવાર દેવેન્દ્ર સહરાવતના સમર્થનમાં રોડ શો કરી રહ્યા હતા તે જ વેળા તેમના ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. કેજરીવાલે મિડિયા સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, તેમના ઉપર ખુબ તીવ્રરીતે પ્રહાર કરવામાં આવ્યો હતો. કેજરીવાલ જ્યારે પોતાના સમર્થકોની સાથે હાથ મિલાવી રહ્યા હતા ત્યારે આ શખ્સે તેમના પીઠ ઉપર પ્રહાર કરી દીધો હતો. મોડેથી આમ આદમી પાર્ટીના કાર્યકરોએ આ શખ્સને પકડી પાડ્યો હતો અને તેની ધોલાઈ કરી દીધી હતી. ત્યારબાદ તેને પોલીસને હવાલે કર્યો હતો. કેજરીવાલે આના માટે ભાજપને જવાબદાર ઠેરવીને કહ્યું હતં કે, વડાપ્રધાન બનવા માટે કેટલાક લોકો કંઈ પણ કરી રહ્યા છે. અમારો ધર્મ અમને અહિંસા શીખવાડે છે. જો અમે હાથ ઉઠાવીશું તો આંદોલન ખતમ થઈ જશે. પોલીસે હુમલો કરનાર યુવકની ઓળખ અબ્દુલ વાહિત તરીકે કરી છે. પોલીસે પહેલા કહ્યું હતું કે, યુવકે દાવો કર્યો હતો કે, ૨૫૦૦૦ રૂપિયા લઈને કેજરીવાલ ઉપર હુમલો કર્યો છે. જો કે, મોડેથી પોલીસે આ અહેવાલને રદિયો આપ્યો હતો. યુવકે કેજરીવાલ પર હુમલો કરવા માટે ઉશ્કેરણી કરનાર વ્યક્તિનું નામ બતાવી દીધું છે. આમ આદમી પાર્ટી તરફથી આ મામલામાં કોઈ ફરિયાદ કરવામાં આવી નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, ગયા મહિને ૨૮મી માર્ચના દિવસે ભિવાનીમાં ચરખીદાદરીમાં એક યુવકે કેજરીવાલને તમાચો મારી દેવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, કેજરીવાલે પોતાને બચાવી લીધા હતા. જો કે, આ શખ્સને પણ ઘટનાસ્થળે પકડી લેવામાં આવ્યો હતો. સામાજિક કાર્યકર અણ્ણા હજારેના સમર્થક હોવાની આ વ્યક્તિ વાત કરી હતી. આમ આદમી પાર્ટીની લોકપ્રિયતા હાલમાં અતિઝડપથી ઘટી રહી છે. જેના લીધે તેમના કાર્યકરોમાં પણ ઉત્સાહ દેખાઈ રહ્યો નથી.

## આમ આદમી પાર્ટીની સ્થિતિ કોઈપણ રાજ્યમાં નોંધ લેવાય તેવી નથી

નવી દિલ્હી,તા.૪

ઓપિનીયન પોલ અને સર્વેના તારણો દરરોજ સપાટી ઉપર આવી રહ્યા છે. નવા નવા ઓપિનીયન પોલ અને સર્વેથી અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં આમ આદમી પાર્ટીની ઊંઘ હરામ થઈ ગઈ છે. કારણ કે આમ આદમી પાર્ટીની સ્થિતિ કોઈપણ રાજ્યમાં નોંધ લેવાય તેવી દેખાઈ રહી નથી. તેમની પાર્ટીની ભારે અવગણના થઈ રહી છે. મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ગુજરાત, ઉત્તર પ્રદેશમાં આમ આદમી પાર્ટીને કોઈ નોંધપાત્ર સફળતા મળે તેવી શક્યતા દેખાઈ રહી નથી. હવે નવા સર્વેથી પણ જાણવા મળ્યું છે કે આમ આદમી પાર્ટીની હાલત ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં કફોડી બનશે.

ઉત્તર પ્રદેશમાં આમ આદમી પાર્ટીને કોઈપણ સીટ નવા સર્વેમાં આપવામાં આવી રહી નથી. આમ આદમી પાર્ટીને ત્રણ ટકા મત મળી રહ્યા છે પરંતુ તેના ખાતામાં કોઈ સીટ આપવામાં આવી રહી નથી. આવી જ હાલત રાજસ્થાનમાં પણ બનેલી છે. રાજસ્થાનમાં તેનું ખાતું પણ ન ખુલે તેવી શક્યતા દેખાઈ રહી છે. અલબત્ત આમ આદમી પાર્ટીને ચાર ટકા મત હિસ્સેદારી મળી શકે છે પરંતુ સીટમાં ઉમેરો થઈ રહ્યો નથી. દિલ્હીમાં પણ વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર દેખાવ કર્યા બાદ આમ આદમી પાર્ટીની હાલત કફોડી બનેલી છે. એએપીથી ભાજપની સ્થિતિ મજબૂત દેખાઈ રહી છે. ભાજપને ૪૦ ટકા મત અને એએપીને ૨૯ ટકા મત દિલ્હીમાં મળી શકે છે.

## વિદિશામાંથી સુષ્માએ ઉમેદવારી નોંધાવી દીધી

**મોટી સંખ્યામાં કાર્યકરો સુષ્મા સાથે દેખાયા**

વિદિશા,તા.૪

ભાજપના વરિષ્ઠ નેતા સુષ્મા સ્વરાજે મોટી જીત માટેની આશા સાથે વિદિશામાંથી તેમના ઉમેદવારીપત્રો આજે ભરી દીધા હતા. સુષ્મા સ્વરાજે ઉમેદવારીપત્રો ભર્યા ત્યારે તેમની સાથે મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો અને વરિષ્ઠ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. સુષ્મા સ્વરાજ આ મતવિસ્તારમાંથી મોટી જીતની અપેક્ષા રાખી રહી છે. વિદિશામાંથી ઉમેદવારીપત્ર ભરતી વેળા તેઓએ સંપત્તિની વિગત પણ આપી હતી. સર્વાંગી વિકાસની સુષ્માએ ખાતરી આપી હતી. મોડેથી પક્ષના કાર્યકરોને સંબોધતા લોકસભામાં વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજે કહ્યું હતું કે, તેઓ ૩.૯૦ લાખના અંતરથી જીત્યા હતા આ વખતે આ અંતર ચાર લાખથી પણ ઉપર જશે તેવી તેમને આશા છે. ઉત્તરપ્રદેશ અને દેશના અન્ય ભાગોમાં હાલ ભાજપ તરફી માહોલ છે. ભાજપના નેતૃત્વમાં કેન્દ્રમાં સરકાર આવ્યા બાદ સર્વાંગી વિકાસ થશે. લોકોના કલ્યાણ માટે સરકાર કામ કરવા કટિબદ્ધ રહેશે.

## મુંબઈ શક્તિમિલ રેપ કેસમાં ત્રણને મૃત્યુદંડની સજા

મુંબઈ,તા. ૪

શક્તિ મિલ ગેંગરેપ કેસમાં ત્રણ દોષિતોને આજે મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી. મુંબઈની એક અદાલતે આ ત્રણેયના અપરાધને રેયરેસ્ટ ઓફ રેયર તરીકે ગણાવીને તેમને મૃત્યુદંડની સજા ફટકારી હતી જ્યારે ચોથા અપરાધીને આજીવન કારાવાસની સજા ફટકારવામાં આવી છે. ગેંગરેપની ભોગ બનેલી યુવતી જીવીત હોવાની સ્થિતિમાં પણ બળાત્કારીઓને ફાંસીની સજાનો ચુકાદો પ્રથમ વખત આપવામાં આવ્યો છે. મુંબઈની બંધ પડેલી શક્તિ મિલમાં ફોટોગ્રાફી કરવા માટે પહોંચેલી એક પત્રકારની સાથે વિજય જાધવ, કાસીમ શેખ, સલીમ અન્સારી, મોહમ્મદ અસ્ફાક શેખ દ્વારા બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. જજ શાલિનીએ કહ્યું હતું કે, આ અપરાધીઓએ ક્રૂર વર્તન યુવતી સાથે કર્યું હતું તેને લઈને આ અપરાધને અસામાન્ય કેટેગરીમાં મુકવામાં આવે છે જેથી તેમને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવે છે. આ ચાર પૈકી ત્રણ વિજય જાધવ, કાસીમ શેખ અને સલીમ અન્સારીને આ ઉગાઉ ટેલિફોન ઓપરેટર રેપ કેસમાં પણ



દોષિત ઠેરવવામાં આવ્યા હતા અને આજીવન કારાવાસની સજા કરવામાં આવી હતી. મહારાષ્ટ્રમાં પ્રથમ વખત રેપના અપરાધીઓને કલમ ૩૭૬(ઈ) હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યા છે. આ કલમ ટેવ મુજબ અપરાધ કરનાર શખ્સો ઉપર લાગૂ કરવામાં આવે છે. ત્રણેય બળાત્કારીઓએ ૩૧મી જુલાઈ ૨૦૧૩ના દિવસે એક ટેલિફોન ઓપરેટરની સાથે બળાત્કાર ગુજાર્યો હતો ત્યારબાદ ૨૨મી ઓગસ્ટ ૨૦૧૩ના દિવસે એક ફોટો જર્નાલિસ્ટ ઉપર પણ બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. સરકારી વકીલ ઉજ્જવલ નિકમે કહ્યું હતું કે, ત્રણેય દોષિતોને ફાંસીની સજા બિલકુલ યોગ્ય છે. આના દસ કારણ આપવામાં આવ્યા હતા. આ લોકો જ્યારે કિશોર વયમાં હતા ત્યારે પણ તેમને ચોરીની સજા થઈ ચુકી છે. હવે રેપ જેવા ગુનાઓ કરી ચુક્યા છે અને તેમનામાં સુધારા થવાની શક્યતા દેખાઈ રહી નથી.

આવી સ્થિતિમાં તેમને કઠોર સજા કરવામાં આવે તે જરૂરી છે. નિકમે કહ્યું હતું કે, યુવતી સાથે ખુબ જ ક્રૂર વર્તન કરવામાં આવ્યો હતો. આ શખ્સોને કાયદાનો કોઈ ભય ન હતો. બચાવ પક્ષના વકીલે દલીલ કરી હતી કે દોષિતોની વયને ધ્યાનમાં લઈને તેમને સજા આપતી વેળા હળવાશનું વલણ દાખવવામાં આવે તે જરૂરી છે પરંતુ કોર્ટે આ અરજીને ફગાવી દીધી હતી.

## સમાચાર ઝલક

- ઘર માટે ૯૦ ટકા સુધી લોન મળશે, જેમાં ૧૦ ટકાનો વધારો કરાયો.
- મહિલા ઉમેદવારોને વધારાની મહિલા સિક્યુરીટી મળશે.
- મલેશિયાના ગુમ વિમાનનું રહસ્ય વિશ્વની ટેકનોલોજીને પડકાર ફેકતું ત્રાસવાદી કૃત્ય.
- રાજકોટના ડેપ્યુટી પોલીસ કમિશ્નર સારા રિઝવીની પસંદગી 'રો'માં કરાઇ.
- અમેરિકન સૈન્ય છાવણી ટેકસાસમાં ગોળીબારમાં ૪નાં મોત.
- ભારતીયોનો વિદેશમાં દબદબો, પોતાના ટેલેન્ટને કારણે વિશ્વના દરેક દેશોમાં આગળ પડતું સ્થાન.
- વીંછી, કીંડીખાઉ, ઘુવડ નામશેષ થવાના આરે, સર્વેક્ષણમાં બહાર આવેલી વિગતો.
- સજાતીય સંબંધોના ચુકાદા સામેની અપીલ સાંભળવા સુપ્રીમકોર્ટ તૈયાર.
- સાગરદાણ કેસમાં દુધસાગર મહેસાણા ડેરીના ચેરમેન વિપુલ ચૌધરીને આગોતરા જામીન મળ્યા.
- ટોપ ૧૦૦ યુનિવર્સિટીની યાદીમાં એકેય ભારતીય યુનિવર્સિટી નહીં.
- કાશ્મીરમાં ૧૭ ફૂટની ઊંચાઇએ પાણી પર તરતા મતદાન મથકો છે.
- ચૂંટણીમાં કાળા નાણાંની હેરફેર રોકવા આજથી ખાસ ઝુંબેશ.
- આઇપીએલ સ્પોટ્ ફિક્સીંગ કાંડમાં ૧૨ ખેલાડીઓ, ૩ નવી ટીમ, હોદ્દેદારો, માલિકોની સંડોવણીની અટકળો.
- હવે બટાટાના ભાવમાં વધારો આવશે, વાયદા બજારમાં જબરો ઉછાળો.
- ગરમીનો પારો ઊંચે ચઢશે, ૪૦ ડિગ્રીને વટાવવાની તૈયારી, ગરમીનો જોરદાર રાઉન્ડ આવશે.
- લંડનમાં શ્રી ગોવર્ધનનાથજીની હવેલીનો પ્રારંભ, ધાર્મિક કાર્યક્રમ યોજાયો જેમાં વૈષ્ણવભક્તો ઉમટ્યા.
- આર.ટી.ઓ.માં સ્માર્ટ કાર્ડ માટે રૂા. ૨૦૦ની વસુલાત સામે હાઇકોર્ટમાં જાહેર હિતની અરજી.
- ચીનના કારણે ભારતનો સુતરાઉ ઉદ્યોગ બંધ.
- ચૂંટણી પ્રચારમાં મોંઘવારી, રોજગારી, ભ્રષ્ટાચાર વગેરે મુદ્દા અગ્રેસર બન્યા.
- મોબાઇલ કવરો પણ રાજકીય પક્ષોના પ્રચારવાળા બહાર પડાયા.

## સરહદ પર બીએસએફના જવાનોની હાલત કફોડી છે

જેસલમેર,તા.૪

લોકસભાની ચૂંટણીના પ્રચારમાં નેતાઓ વ્યસ્ત થયેલા છે પરંતુ બીએસએફ અને આઈઓસી વચ્ચે ડીઝલના પુરવઠાની સમજૂતીને રિન્યુ કરવાની વાસ્તવિકતા તરફ કોઈનું ધ્યાન ગયું નથી. માર્ચના પ્રથમ સપ્તાહમાં સમજૂતી કરવામાં આવનાર હતી પરંતુ આવા વિલંબ થઈ રહ્યો છે જેના પરિણામ સ્વરૂપે સરહદ ઉપર બીએસએફના જવાનોને હવે પૂરતા પ્રમાણમાં પાણી અને રેશનિંગ સામગ્રી ઉપલબ્ધ થઈ રહી નથી. જૂની સમજૂતી પૂર્ણ થવા આવી છે ત્યારે જેસલમેર ખાતે બીએસએફના યુનિટ પર પુરવઠો ધીમે ધીમે ખૂટી રહ્યો છે.

સરહદી વિસ્તારોમાં પેટ્રોલીંગની પ્રક્રિયાને રોકી દેવાની ફરજ પડી છે. પાણી પુરવઠાને પણ માઠી અસર થઈ છે. જે કાંઈ પણ ભૂલ રહે પરંતુ એક મહિનાનો સમય રહ્યો છે. નાના અને મોટા વાહનો બંધ થઈ ગયા છે. ડઝન જેટલા પાણીના ટેન્કરો પણ પહોંચી રહ્યા નથી. પીવાના પાણીની અછત ઊભી થઈ ગઈ છે. જવાનોને પીવાના પાણીની તકલીફ ઊભી થતાં ચિતાનું મોજું ફળી વળ્યું છે. રણ વિસ્તારમાં ઘણી સરહદી ચોકી પર જવાનો બેથી ત્રણ દિવસ સુધી પણ રહેવાની સ્થિતિમાં નથી. ફ્યુઅલનો પુરવઠો પણ ખૂટી પડ્યો છે.

અધિકારીઓને ટ્રેન દ્વારા મુસાફરી કરવા કહેવામાં આવ્યું છે. કારણ કે તેમના વાહનમાં ડીઝલ અને પેટ્રોલની અછત છે. ડીઝલની અછતના લીધે રેશનીંગના પુરવઠાને પણ અસર થઈ છે. સપ્તાહમાં એખ જ વખત હવે આવી જોગવાઈ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. કટોકટી એટલી હદ સુધી વણસી છે કે અધિકારીઓ અને જવાનોને હવે હેડક્વાર્ટર ઉપર જાણ કરવાની ફરજ પડી છે. ઘણી સરહદી ચોંકી પર માત્ર પીવાનું પાણી જ મળી રહ્યું છે. પેટ્રોલીંગ માટે ઉપયોગ કરવામાં આવતી જિપ્સી અને અન્ય વાહનો પાછી ખેંચી લેવામાં આવી છે તેના લીધે પેટ્રોલીંગને અસર થઈ છે. વહેલી તકે આ સમસ્યાનો ઉકેલ લાવવા કહેવામાં આવ્યું છે. જવાનોની સ્થિતને સુધારવા માટે તાત્કાલિક પગલાં લેવામાં આવે તે જરૂરી છે. કાળઝાળ ગરમીની સ્થિતિમાં હાલત વધુ કફોડી થઈ શકે છે. સરહદ ઉપર બીએસએફના જવાનો હાલમાં પડકારરૂપ સ્થિતિનો સામનો કરી રહ્યા છે.

## લોકસભા ચૂંટણી એકલા હાથે લડાશે : રાવનો મત

હૈદરાબાદ,તા.૪

આગામી રાજ્ય અને લોકસભાની ચૂંટણી કોઈ પક્ષ સાથે ગઠબંધન કરવાનો ઈન્કાર કરતા ટીઆરએસે આજે કહ્યું હતું કે, લોકસભાની ચૂંટણીમાં તે એકલા હાથે મેદાનમાં ઉતરશે. તેમના ચૂંટણી ઢંઢેરાની સાથે તેલંગાણા પ્રદેશના ૧૧૯ વિધાનસભાની બેઠક પૈકી ૬૯ બેઠકો માટે ઉમેદવારોની પ્રથમ યાદી જારી કરવામાં આવી હતી. ટીઆરએસના પ્રમુખ કે. ચંદ્રશેખર રાવે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, પ્રથમ દિવસથી જ અમે કહેતા આવ્યા છીએ કે, અમે આ ચૂંટણીમાં કોઈની પણ સાથે જોડાણ કરીશું નહીં. તેલંગાણાના લોકોની ઈચ્છા એવી છે કે, અમે એકલા હાથે મેદાનમાં ઉતરીએ. આજ કારણસર અમે એકલા હાથે ચૂંટણી મેદાનમાં ઉતરી રહ્યા છે.

## દેશના સ્માર્ટ ફોન માર્કેટમાં સોની એપલથી આગળ થઈ

નવી દિલ્હી, તા.૪

જાપાનની સોની કંપનીએ ભારતના સ્માર્ટ ફોન માર્કેટમાં ૩૦૦ કરોડ રૂપિયાની એડ ઝુંબેશના પરિણામ સ્વરૂપે એપલને પછડાટ આપી દીધી છે. માર્કેટ ટ્રેકર આઈડીસીના ડેટા મુજબ વેચાણની દષ્ટિએ સોની બીજી સૌથી મોટી બ્રાન્ડ બની ગઈ છે. આની સાથે સાથે સોની માટે જાપાનની બહાર ભારત એવા માર્કેટમાં સામેલ છે જ્યાં કંપનીને આટલી મોટી સફળતા હાથ લાગી છે. જાન્યુઆરી-માર્ચના ત્રિમાસિક ગાળામાં સોની માટે મુશ્કેલી સર્જાઈ શકે છે. કારણ કે નોકિયાએ એન્ડ્રોઈડ ફોન સેગમેન્ટમાં એન્ટ્રી કરી દીધી છે. એપલ આઈફોન-૪ને રિલોન્ચ કરવાની તૈયારીમાં છે. માઈક્રોમેક્સ કેનવાસ ફોન-૪ની નવી રેન્જ સાથે ટક્કર આપવાની સ્થિતિમાં છે. છેલ્લા એક વર્ષના ગાળામાં સોનીએ સ્માર્ટ ફોન સેગમેન્ટમાં પોતાના વેચાણને વધારવાના પ્રયાસો કર્યા છે. ઓક્ટોબર-ડિસેમ્બર ત્રિમાસિક ગાળામાં સોનીની ભારતીય માર્કેટમાં માર્કેટ હિસ્સેદારી ૯.૧ ટકા રહી હતી જ્યારે એપલની હિસ્સેદારી ૭ ટકા રહી હતી. આઈફોન-૫ એસને શાનદાર પ્રતિસાદ મળ્યો હોવા છતાં એપલ કંપની સોનીથી આગળ નીકળી શકી નથી. સોની ઈન્ડિયાના એમડીએ માહિતી આપતા કહ્યું છે કે માર્ચમાં પૂરા થયેલા નાણાંકીય વર્ષમાં કંપનીના સ્માર્ટ ફોન બિઝનેસમાં રેવેન્યુ ફલેગશીપ ટેલિવિઝન જેટલું રહ્યું છે. ગયા નાણાંકીય વર્ષમાં કંપનીના આશરે ૧૦ હજાર કરોડના મહેસૂલમાં ૭૦ ટકા હિસ્સેદારી આ બે બિઝનેસની રહી હતી. ભારતમાં માર્કેટ કદના પરિણામ સ્વરૂપે સ્મર્ટ ફોન બિઝનેસ રેવેન્યુની દષ્ટિએ ટેલિવિઝનથી આગળ નીકળે તેવી શક્યતા છે. ભારતમાં કંપનીના ગ્રોથ માટે સ્માર્ટ ફોન અને ટેલિવિઝન બંને બિઝનેસ ખૂબ મહત્વપૂર્ણ છે.

## કોચ તરીકે કારકિર્દી... (પાના નં. ૪ નું ચાલુ)

તેઓના આ સવાલમાં આપણા જેવા શા માટે યુવાનો કોચ તરીકે કારકિર્દી બનાવવામાં રસ નથી દાખવતા તેનો જવાબ હતો. આ પ્રશ્નએ મને હચમચાવી મૂક્યો. તેઓએ કરેલી વાત તો એકદમ સાચી હતી. ગુજરાતમાં કોચની કાયમી ભરતી છેક ૧૯૯૧-૯૨માં થઈ હતી. અને હાલમાં ૧૧ માસના કરાર આધારીત કોચ તરીકેની રાજય સરકારની નોકરી કરતા ૧૨૦ કરતાં વધારો કોચનો દર વર્ષે કોન્ટ્રાક્ટ રીન્યુ થાય છે.

કોઈ પણ રમતની તાલીમ આપવી એ એક લાંબા ગાળાનું પ્લાનીંગ છે ૨૦૨૦માં ઓલ્પિમિક મંડળ મેળવવા માટે ભારતીય આર્મી દ્વારા મિશન ઓલમ્પીંક ૨૦૦૯માં શરૂ કરવામાં આવેલ છે એટલે કે લગભગ ૧૧ વર્ષનું લાંબા ગાળાનું પ્લાનીંગ ત્યારે ગુજરાતમાં તો કોચના માથે ૧૧ માસના કરારની તલવાર લટકતી હોય છે. ત્યારે લાંબાગાળાનું પ્લાનીંગ કેવી રીતે શક્ય બને?

ગુજરાતમાં તો કોચની નોકરીની અવધી જ ૧૧ માસની છે ત્યારે કોચ પાસે લાંબા ગાળાનું પ્લાનીંગ કેવી રીતે કરી શકાય. રમતગમત ક્ષેત્રે ગુજરાતના પાછળ રહેવા માટેનું મુખ્ય કારણ એ છે કે ગુજરાતમાં કોચની ભરતી કરાર આધારીત થાય છે. રાજય સરકાર પાસે જેટલા કાયમી કોચ છે તે હાલમાં નિવૃત્તિના આરે છે ત્યારે રાજય સરકારે રમતવીરોના કોચીંગ માટે લાંબા ગાળાનું પ્લાનીંગ કરવા માટે સૌપ્રથમ કોચની કાયમી ભરતી કરવાની જરૂર છે.

મારી પાસે માર્ગદર્શન મેળવવા આવેલ ખેલાડીના વાલીને પણ મેં એ જ વાત સમજાવી કે, છેલ્લી ભરતી છેક ૧૯૯૦માં થઈ હતી અને હવે મોટા ભાગના કાયમી કોચ રિટાયર્ડ થવાના આરે છે. ત્યારે રાજય સરકારે કોચની કાયમી ભરતી તો કરવી જ પડશે અને આ આશા સાથે જ આપ આપના પુત્રને ડિપ્લોમા ઈન સ્પોર્ટ્સ કોચીંગના અભ્યાસ માટે મોકલો. આ અભ્યાસ બાદ આપના પુત્રને સરકારી નોકરી મળશે તેવી હું ગેરંટી ના આપી શકું પરંતુ એટલું જરૂર કહીશ કે આ અભ્યાસ બાદ તેના રમત અંગેના જ્ઞાનમાં ચોક્કસ જરૂર વધારો થશે. ફેન્સીંગ રમતમાં આ અભ્યાસ કરનાર તે ગુજરાતનો પ્રથમ કોચ હોવાના કારણે તેને નોકરી મળવાની પણ ઉજળી તકો છે. તેઓને મેં વધુમાં જણાવ્યું છે કે મારો લીગ શક્તિ ચૌહાણ રાજય ફૂટબોલ રમતમાં આ અભ્યાસ બાદ રાજય સરકારની કરાર આધારીત નોકરીમાં પણ જોડાયો હતો. જો કે પાંચ વર્ષની નોકરી બાદ પણ રાજય સરકારે તેની કાયમી નોકરીની તક ન આપી ત્યારે ટાટા દ્વારા ચાલતી એકેડમીમાં તેને રૂા. ૧ લાખના માસિક પગારની ટાટાનગરની સ્પિગ એકેડમીમાં ફૂટબોલ કોચ તરીકે નોકરી મળી છે. મારા જવાબની કેટલીક આશંકાઓ છતાં આ વિદ્યાર્થીના વાલી તેને ડિપ્લોમા ઈન સ્પોર્ટસ કોંચીગના અભ્યાસમાં મોકલવા માટે સંમત થયા સાથે સાથે મને એમ પણ કહ્યું કે, મારા પુત્રને આપ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે પણ સલાહ આપો. મારે પણ કોચ તરીકે કારકિર્દી બનાવવા માંગતા આ ખેલાડીને પોતાના ધ્યેયમાં આગળ વધવાની સાથે સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપવાની પણ સલાહ આપવી હતી.

ખેલાડી અને તેના વાલી સાથેની ચર્ચા દરમિયાન મારી સમક્ષ એવા ઘણા મુદ્દાઓ ઉપસ્થિત થયા અને મને એ પણ ખબર પડી કે ગુજરાતી યુવાનો શા માટે કોચ તરીકેની કારકિર્દી બનાવવા ઉત્સુક નથી.

હરિયાળા અને પંજાબ જેવા રાજયો પાસે ગુજરાત કરતાં પાંચથી સાત ઘણા વધારે કોચ છે ત્યારે ગુજરાતાં કોચની સંખ્યા ઓછી છે અને છે તેમાં પણ મોટા ભાગનાં કોચ ૧૧ માસના કરાર હેઠળ છે. કેટલાક કોચ સાથે ચર્ચા કરતા મને જાણવા મળ્યું કે કેટલાક કોચ ૧૫ વર્ષ કરતાં પણ વધારે સમયથી ૧૧ માસના કરાર હેઠળ નોકરી કરે છે અને દર વર્ષે એક મહિનાના બ્રેક બાદ ફરીથી કોન્ટ્રાક્ટ રીન્યુ થાય છે. આ કોચીઝનો પગાર છેલ્લા બે ત્રણ વર્ષથી રૂા. ૧૫,૦૦૦ છે આ પહેલાં તેઓ રૂા. ૪૫૦૦ અને રૂા. ૨૫૦૦ ના ફિક્સ પગાર પર નોકરી કરતા હતા. ૨૦૧૩માં તેઓનો કોન્ટ્રાક્ટ રીન્યુ કરવાને બદલે રાજય સરકારે ફરીથી કરાર આધારિત ભરતી બહાર પાડીહતી. જેને કારણે આ કરાર આધારિત કોચ કોર્ટમાં ગયા હતા અને ત્યારે બાદ કોર્ટે રાજય સરકારને આદેસ આપ્યો હતો કે, કોચની નવી ભરતી કરતા પહેલા આ કરાર આધારીત કોચને સમાવવા તેમ છતાં આ તમામ કોચીઝને કોન્ટ્રાક્ટ રીન્યુ કરવા માટે ફરીથી ઈન્ટરવ્યુ આપવો પડ્યો હતો. કોર્ટે એ બાબતે પણ ચિંતા વ્યક્ત કરી હતી કે કોચ બીજા વર્ગના અધિકારી છે ત્યારે બીજા વર્ગના અધિકારીની આ રીતે કરાર આધારિત ભરતી કેમ કરવામાં આવી છે. આ કરાર આધારીત કોચીઝ દ્વારા કાયમી ભરતી માટે અને કાયમી ભરતી માટે તેઓએ રાજય સરકારને આપેલ સેવાઓને ધ્યાનમાં લેવા માટે લડત ચલાવવામાં આવે છે. ત્યારે બીજી બાબત એ પણ મારા ધ્યાનમાં આવી છે કે, કેટલાક કોચ અન્ય જગ્યાએ સારી કે કાયમી નોકરી મળતા રાજય સરકારની કરાર આધારીત નોકરી છોડી ગયેલ છે. તો બી.પી.એડ્., એમ.પી.એડ્., જેવો અભ્યાસ કરનાર કેટલાક કોચ એ રાજય સરકારની કરાર આધારીત નોકરી કરતા શાળાની વ્યાયામ શિક્ષક તરીકેની કાયમી નોકરી કરવા પર પસંદગી ઉતારેલ છે. રાજય સરકાર દ્વારા યોગ્ય નોકરીની તકો ન ઉભી કરાતાં યુવાનો કોચ તરીકેની કારકિર્દી બનાવવામાં ઉત્સાહ દાખવતા નથી અને એ પણ નોંધવું રહ્યું કે રમતગમતના વિકાસ માટે કોચ એ પાયાનું પરીબળ છે.